દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ
સોમવાર ૨૯ એપ્રિલ, ૨૦૨૪

# પર્યાવરણમાં આવેલા ફેરફારના કારણે દુનિયાના દેશોમાં વાવાઝોડા અને પૂર આવી રહ્યાં છે

ગ્લોબલ વોર્મિંગની અસર સમગ્ર દુનિયા ઉપર જોવા મળી રહી છે. ખતરનાક ઉત્પાદનો દ્વારા દુનિયાના લોકો પર્યાવરણ સાથે ખેલ ખેલી રહ્યાં છે. વિકાસની આડમાં નદીઓની દિશા બદલી નાંખવામાં આવે છે. જુદા જુદા ડેમના નિર્માણ કરીને કુદરતી વહેણ અટકાવી દેવામાં આવે છે. રસ્તાઓ બનાવવાની આડમાં જંગલોનું નિકંદન કાઢી નાંખવામાં આવે છે. શહેરો કોંક્રિટના જંગલ બની રહ્યાં છે અને કુદરતી સંપતિ નષ્ટ કરવામાં આવી રહી છે. જ્યાં જુઓ ત્યાં હવા અને જળનું પ્રદૂષણ છે. આ દિશામાં કોઇ જ પગલાં લેવામાં આવતા નથી અને પગલાં લેવાની જે વાત હોય છે તે માત્ર કાગળ પર રહે છે અથવા તો સેમિનારો પૂરતી મર્યાદિત છે. આ સ્થિતિના પરિણામ જુદા જુદા દેશમાં કમોસમી વરસાદ, પૂર અને વાવાઝોડા સ્વરૂપે દેખાવા લાગ્યા છે. જો હવે નહીં અટકીશું તો આગામી સમયમાં હજુ કેવો આવશે તે વિષે કંઇ જ કહી શકાય તેમ નથી. અમેરિકામાં આવેલા ટોર્નેડોએ ભારે તબાહી મચાવી હતી. પાંચ રાજ્યોમાં 95થી વધુ તોફાનો નોંધાયા છે. વાવાઝોડાને કારણે સેંકડો મકાનો અને ઈમારતો ધરાશાયી થઈ ગઈ હતી. નેબ્રાસ્કા અને આયોવા રાજ્યોને સૌથી વધુ નુકસાન થયું છે. નુકસાનનું મૂલ્યાંકન કરવામાં લગભગ 2 અઠવાડિયા લાગશે. અનેક શહેરોમાં ઈમરજન્સી જેવી સ્થિતિ સર્જાઈ હતી. ઘણા રાજ્યોમાં હવામાન વિભાગે બે દિવસ માટે હાઈ એલર્ટ જાહેર કર્યું છે. ઓમાહામાં પોલીસના જણાવ્યા અનુસાર, ત્યાં સેંકડો ઘરોને નુકસાન થયું છે. શહેરના પશ્ચિમ વિસ્તાર એલ્હોર્નને સૌથી વધુ નુકસાન થયું છે. ઓમાહી શહેર નેબ્રાસ્કા રાજ્યમાં આવેલું છે. હજુ અમેરિકાના માઠા સમાચારની શાહી સુકાઇ તે પહેલા જ ચીનથી આવા જ એક સમાચાર આવ્યા છે. અહીંના ગ્વાંગઝોઉ શહેરમાં આવેલા વાવાઝોડાને કારણે પાંચ લોકોના મોત થયા છે. જ્યારે 33 લોકો ઘાયલ થયા છે. ચીનની સરકારી સમાચાર એજન્સી શિન્હુઆના જણાવ્યા અનુસાર, વાવાઝોડું ગ્વાંગઝોઉ શહેરમાં શનિવારે બપોરે ત્રાટક્યું હતું. આ સમયગાળા દરમિયાન અહીં મહત્તમ 20.6 મીટર પ્રતિ સેકન્ડની ઝડપે પવન ફુંકાયો હતો. વાવાઝોડાને કારણે 141 ફેક્ટરીઓની ઇમારતોને નુકસાન થયું છે. જો કે, રહેણાંક વિસ્તારોને નુકસાન થયું નથી. રેસ્ક્યુ ટીમે શનિવારે (27 એપ્રિલ) સ્થાનિક સમય અનુસાર રાત્રે 10 વાગ્યા સુધીમાં મિશન પૂર્ણ કર્યું છે. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે વાવાઝોડું તેની મહત્તમ તીવ્રતા 5ની સામે 3 સ્તર પર હતું. ગત વર્ષે પણ ચીનના ગ્વાંગઝોઉ શહેરમાં ભારે વાવાઝોડું આવ્યું હતું, જેમાં 10 લોકોના મોત થયા હતા. ટાયફૂન હાઈકુઈ નામના આ વાવાઝોડાએ ગ્વાંગઝોઉમાં ભારે નુકસાન કર્યું હતું. હોંગકોંગથી 130 કિલોમીટરના અંતરે સ્થિત ગ્વાંગઝોઉ શહેર ગ્વાંગડોંગ પ્રાંતની રાજધાની છે. ગ્વાંગડોંગ પ્રાંત એ ચીનના સૌથી મોટા પ્રાંતોમાંનો એક છે. તેને ચીનના ઔદ્યોગિક વિસ્તાર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વિસ્તારમાં ઘણી ફેક્ટરીઓ છે, જે મોટા પ્રમાણમાં ચાઈનીઝ વસ્તુઓની નિકાસ કરે છે. ગ્વાંગડોંગ પ્રાંત છેલ્લા કેટલાક સમયથી હવામાનની અસરનો સામનો કરી રહ્યું છે. ગ્વાંગડોંગ પ્રાંતમાં 16 એપ્રિલથી સતત વરસાદ પડી રહ્યો છે. વરસાદના કારણે બચાવ અભિયાન સતત ચલાવવામાં આવી રહ્યું છે. લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં 11 લાખથી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. પૂર અને વરસાદના કારણે 4 લોકોના મોત થયા છે. ચીનના હવામાન વિભાગે મહિનાના અંત સુધીમાં ભારે વરસાદ અને પૂરની ચેતવણી જાહેર કરી છે. આ પહેલા સમગ્ર વિશ્વને અચંબામાં નાંખી દે તેવી ઘટના પ્રકાશમાં આવી હતી. ખરાબ હવામાનને કારણે પાકિસ્તાન અને ગલ્ફ દેશોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઇ હતી. પાકિસ્તાન, ઓમાન અને યુએઈમાં પડેલા વરસાદના કારણે 100થી વધુ લોકોના મોત થઇ ગયા હતા.

સંયુક્ત આરબ અમીરાત (UAE)ના અબુધાબી, દુબઈ અને અલ આઈન જેવાં શહેરોમાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઇ હતી. ત્યાં આખા વર્ષનો વરસાદ 2 દિવસમાં પડી ગયો. રોડ, રેલવે અને ફ્લાઈટને અસર થઈ હતી. આ શહેરોમાં ઓફિસો અને શાળાઓ બંધ કરી દેવામાં આવી હતી અને લોકોને ઘરેથી કામ કરવા માટે કહેવામાં આવ્યું હતું. યુએઈમાં સોમવાર 15 એપ્રિલની રાતથી વરસાદ શરૂ થયો હતો. મંગળવાર, 16 એપ્રિલની સાંજ સુધીમાં 120 મિમી (4.75 ઈંચ) થી વધુ વરસાદ પડી ગયો હતો. ખાડી દેશોમાં હવામાન બદલાવાનું મુખ્ય કારણ દક્ષિણ-પશ્ચિમ તરફથી નીચા દબાણનું નિર્માણ છે. નેશનલ સેન્ટર ઓફ મીટિઓરોલોજી (NCM)એ 2 દિવસ પહેલાં UAE અને સાઉદી અરેબિયામાં ભારે વરસાદની આગાહી કરી હતી. હવામાન વિભાગે આ સમયગાળા દરમિયાન પવનની ઝડપ 65 કિમી પ્રતિ કલાક રહેવાની પણ આગાહી કરી હતી.

# લેખકો-વાચકો સાથે ગોષ્ઠી





રમણ સોની આપણા બહુશ્રુત વિદ્વાન છે. લેખક, વિવેચક, સંપાદક, કોશકાર, ઉત્તમ અધ્યાપક અને વક્તા હોવા સાથે ઉમદા માણસ તરીકેની ઓળખ વ્યાપેલી છે. આ ‘અક્ષરની આરાધના’ કૉલમના લેખક તરીકે એમણે કરેલ આસ્વાદ લેખો અને સાથોસાથ વાચકો સાથે કરતા રહેલ ગોષ્ઠીના લેખો એક સીમાસ્થંભ સમાન રહ્યા છે. એમાં પ્રકાશિત ગોષ્ઠી-લેખો અહીં સમાવાયા છે.

આ પુસ્તકમાં એમણે નવાં-જૂનાં લેખકો સાથે સંવાદ, કહો કે ગોષ્ઠી સાધી છે. એમણે ઉઠાવેલ મુદ્દાઓ સર્વકાલીન અને સર્વવ્યાપી છે. ખાસ કરીને વર્તમાન સમયે સક્રિય થઈ રહેલ કવિઓ-લેખકોની માનસિકતા, એમની ગતિ અને એમને સાહિત્યજગતમાં પ્રસ્થાપિત થવામાં ઉપયોગી બને તેવી ટીપ્સ કોઈ વરિષ્ઠ ભાવે નહીં પણ મૈત્રીભાવે આપી છે. પાંચ-પચ્ચીસના ગૃપમાં ગોષ્ઠી કરવા બેઠેલા મિત્રો, સ્વજનોના લ્હેકામાં એમણે પોતાના અનુભવનું, વાચનનું અને અપેક્ષાઓનું ભાથું બાંધી આપ્યું છે. એમનો ભાવ એમના જ શબ્દોમાં જોઈએ-‘બે ચાર મિનિટમાં વંચાઈ જાય, સંભળાઈ જાય એવી ગોઠડી પણ કરવી. લેખકો સાથે સ્તો. તરત સ્મૃતિએ ચડ્યાં નવાં લેખકો, લખવા કરતાં, લખતાં થયેલાં, લખતાં રહેલાં, છપાતાં થયેલાં ને કંઈક પોંખાતાં પણ રહેલાં, ક્યારેક શુભેચ્છક વરિષ્ઠો દ્વારા ચકરાવે ચડેલા ને પ્રશંસાને કારણે જ અટવાઈ ગયેલા... લેખક સૌથી પહેલાં વાચક હોય, પછી સજ્જતાની પાંખે જ ઊડવાનું હોય, એવું એવું કહેવાનું જરૂરી લાગેલું. પણ એ સુબોધ-પ્રબોધના અણગમતા રસ્તે કહેવાનું હોય કંઈ...’ (પૃ.7, પ્રસ્તાવના)

રમણભાઈ આ રીતે પોતાની ભૂમિકા ઊભી કરે છે. વર્તમાનપત્રની કૉલમ એક વ્યાપક એવા ક્લાસરૂમમાં ફેરવાય છે અને એ પણ એવો ક્લાસરૂમ જેમાં જે પણ ઈચ્છે તે પોતાને મનગમતું, પોતાને જરૂરી લાગે તે અને તેટલું ખપમાં લઈ શકે એટલું ભાતું બાંધી શકે એવી સગવડ રચી આપે છે. બહુશ્રુત અધ્યાપક જ્યારે પક્વ થાય ત્યારે પોતાનાં ફળો વહેંચવાં કેવો તો લચી પડે એનો ઉત્તમ નમૂનો એટલે આ ગોષ્ઠી. અહીં સંસ્કૃત પરંપરાથી માંડી જગતભરના સાહિત્યકારો, સાહિત્યકૃતિઓ, પ્રસંગો, સર્જકોને ટાંકીને વાત કરતા લેખક પોતાની નવી પેઢીને વધારે સમૃદ્ધ કરવા, વધારે પીઢ બનાવવા અને ખાસ તો ધ્યેયલક્ષી બનાવવા સાથે જે મૂલ્યોનું આરોપણ કરવા પ્રયત્ન કરે છે તે સલામને પાત્ર છે.

જાણીતા લેખક વીનેશ અંતાણીએ ઉચિત મૂલ્યાંકન કરતાં લખ્યું છે -‘તમે ગોષ્ઠીમાં સાહિત્યકારે જાળવવાની ગરિમા, નિષ્ઠા તથા સજ્જતા પર સીધો કે આડકતરો ભાર મૂક્યો છે. એ સંદર્ભમાં આપણાં ઉત્તમ સર્જકોની સાથે જોડાયેલા પ્રસંગો અને નાનીનાની બાબતો પ્રત્યે એમનો અભિગમ વગેરેનાં ઉદાહરણ આપીને તમે આપણો સમૃદ્ધ સમયખંડ ખોલી આપ્યો છે. તમારી ગોષ્ઠી-પ્રવૃત્તિનું કેન્દ્ર કડવા માટે મને આ વાક્ય મળ્યું છે- સર્જકમાત્રના લેખનમાં સજ્જતાની, અભ્યાસનિપુણતાની પોષકતા ન હોય તો સર્જન પાંડુર(એનેમિક) બનવા લાગે’ (ગોષ્ઠી લેખાંક હું કવિ થઈ શકીશ)

આ ગોષ્ઠી કોઈ રીતે શુષ્ક નથી. કેમકે, અહીં માત્ર શાસ્ત્રીય આધારો આપીને કે મુદ્દાસર વિભાગો પાડીને ઉચ્ચાસને બેસીને કહેવાયું નથી. અહીં તો સમાન્તરે લેખકોની અજીબ એવી દુનિયા ય ખૂલતી જાય છે. અહીં એમ જ પોંખનારાં - મંજીરાં વગાડનારાંઓની ધૂન પણ ગણનામાં લઈને ટપારવામાં આવ્યા છે, ક્યાંક કટાક્ષ તો ક્યાંક



હાસ્યનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે. સાથોસાથ વર્તમાન નવોદિત અને જૂનાઓનું જગત પણ આલેખાઈ આવ્યું છે એના યથાતથ રૂપમાં, સાથોસાથ સમભાવપૂર્વક નવીનોને આવકારવામાં અંદર રાખેલો આધારરૂપ હાથ પણ વરતાઈ આવે છે. સાથોસાથ ઉચ્ચ આશય, લાંબા ગાળાની ધીરજ અને સાથોસાથ કેળવવી પડતી સજ્જતાને પ્રાથમિકતા આપીને શ્રદ્ધા પણ દાખવી છે. સૌથી મોટો સૂર જે પ્રગટે છે તે એ કે એમને નવી પેઢીમાં ઊંડે ઊંડે શ્રદ્ધા છે.

સાથોસાથ જે છે એને છડેચોક કહેવામાં જરાય શબ્દચોરી કરતા નથી. એ જુઓ ધારદાર નિરીક્ષણ આપતાં લખે છે- ‘અતિલેખનને રઝળતું કરીને, અનેક સામયિકોનાં પાનાં ભરીને, સંગ્રહો પર સંગ્રહો આપનારા ઘણા કવિઓ છવાઈ ગયા નથી પણ કહો કે, સાવ પથરાઈ ગયા છે. પાણી જેમ જેમ પ્રસરતું જાય એમ ઝટ સુકાઈ પણ જાય’ (પૃ.12) તો એક બીજી જગ્યાએ ઝવેરચંદ મેઘાણીને સાંકળતો એક પ્રસંગ છે, જેમાં રઢિયાળી રાતના મુદ્રણમાં રહી ગયેલી ભૂલો સંદર્ભે જયંત મેઘાણીએ કરેલ અજોડ જાહેરાત જોવા જેવી છે.‘એમણે ગ્રાહકો સામે બે વિકલ્પ મૂકેલાઃ 1993ની આવૃત્તિની નકલ તેના ગ્રંથનામ-પાના સાથે ગમે તેવી હાલતમાં પણ પરત કરનારને એની પૂરી કિંમત પાછી આપીશું અથવા જો ગ્રાહક-વાચક રઢિયાળી રાતની 176 ગીતો ઉમેરેલી, કુલ 600 પાનાંની બૃહદ આવૃત્તિ (1997) પેલી જૂની આવૃત્તિના બદલામાં લેવા ઈચ્છશે તો મેઘાણી શતાબ્દી નિમિત્તે વાચકો પ્રત્યેના સદ્ભાવના પ્રતીક તરીકે આપવાનું સંપાદકના કુટુંબે નક્કી કર્યું છે.’ (પૃ.66 )

સ્થળસંકોચના કારણે વાત અહીં અટકાવું છું. પણ આવાં ઉદાહરણો આપી આપીને રમણ સોની નવી પેઢીના ઘડતરમાં, જૂની પેઢીને મૂળ-યાદ કરાવવાનો પ્રયાસ કર્યો છે. જય હો...


**ગોષ્ઠી (લેખકો-વાચકો સાથે ગોષ્ઠી) પ્ર. રમણ સોની, 18 હેમદીપ સોસાયટી, દીવાળીપુરા, વડોદરા-390007, પ્રાપ્તિસ્થાન-બીજલ પ્રકાશન, 103, યોગીસૃષ્ટિ એપાર્ટમેન્ટ, ઈલોરાપાર્ક, વડોદરા-390023, કુલ પૃ.-100, કિં. 100 રૂ., કાચું પૂંઠું)**

# ભાતીગળ રંગોની પૂરણી વાર્તાઓમાં

ચિત્રકાર એવાં રૂબી જાગૃતની વાર્તાઓનો આ પહેલો સંગ્રહ. આકર્ષક અને સુઘડ છપાઈ. સરસ મજાનું અર્થપૂર્ણ ટાઈટલ પેજ, સંવેદનો અને રજૂઆતની તાજગી ઊડીને આંખે વળગે એવી. એકદમ સરળ અને કશીય યુક્તિ-પ્રયુક્તિઓનો આશ્રય લીધા વિનાની વાર્તાલાપ જેવી અનુભવાતી આ વાર્તાઓ એક અર્થમાં ઘટનાઓ છે, હા, દરેક વાતનો અંત ચોટદાર, વાચકના ચિત્તને વિચારતો કરી મૂકે એવો. પ્રમાણમાં એક જ પરિમાણમાં વિલસતું આલેખન, સંવેદનના આછા સંઘર્ષને બાદ કરતાં ખાસ કશા તીવ્ર સંઘર્ષમાં ક્યારેય ન જતું આલેખન અને ભાષા એકદમ નવી પેઢીની, બોલચાલની, કશાય ખાસ અલંકરણો વિનાની છતાં તાજગીસભર અનુભવ કરાવે એવી છે. એટલે સ્વાભાવિક જ રસ પડ્યો.

પહેલી નજરે જ જે પકડાય છે તે એમનું ભાવવિશ્વ અને એનું કારણ છે લેખિકાનું ખુલ્લું મન. એ મન સંવેદનાઓ શોધે છે, સતત તત્પર રહે છે કશુંક ક્લિક થઈ જાય તે માટે. એમણે પોતે જ નિવેદનમાં લખ્યું છે તેમ આસપાસના વાતાવરણમાંથી જ આ વાર્તાઓ મળી છે. ભાતીગળ પાત્રો, ભાતીગળ વિષયો, બદલાતા સમાજની સહજ રીતે બદલાતી સમજને પણ સહજથી પરોવતા ગયા છે એ ચિત્રકાર. એમણે ચિત્રકાર હોવાથી સ્વાભાવિક જ રંગ-રેખાઓને જેમ નિર્બંધ બનીને વહેવા દેવાનો ભાવ કેળવ્યો છે. ચિત્રકાર ત્યારે જ આગવી શૈલી જન્માવી શકે જ્યારે મન અને રંગ-રેખાને બાંધ્યા વિના સહજ રીતે વિહાર કરવાનો અવસર આપે. રૂબી જાગૃતે ચિત્તમાં કેળવેલી એ સજ્જતા અહીં વાર્તાકથનમાં પણ ખપમાં લીધી છે. એમને ખબર છે કે કયા રંગથી ઊંડાણ અને કઈ રેખાથી લય સાધી શકાય. આ આવડત આ રચનાઓને આગવી મુદ્રા આપે છે.

એક ઉદાહરણ આપીશ. રચનાનું નામ છે- ‘ઈ-મેઈલ અનસેન્ડ’ આરંભે જ પરિચય આપી દીધો આ યુગલનો. ‘સમીપ સાથે અનામિકાએ પ્રેમલગ્ન કરેલા. ત્યારે જ લોકો કહેતા કે તમે બંને ખૂબ જુદાં છો. જીવનમાં કોઈ કૉમન શોખ નથી. અનામિકા




સ્થિર, ખંતીલી, થોડી ઓલ્ડ-સ્કુલ ટાઈપ, કશું પણ નવું અપનાવવામાં તેને ડર, વાંધો, સંકોચ અને અણગમો પણ ખરો. જ્યારે સમીપ દર અઠવાડિયે નવી આદતો, નવાં લોકોને નવી રીતભાત અપનાવે. તે ધસમસતાં પૂરની જેમ આગળ વધવામાં માને...’(પૃ.17) આ રીતે સીધું જ પાંથીએ પાડતા તેલની જેમ ચાલતી કથનપ્રયુક્તિમાં નવું કશું નથી પણ જે ફ્રેશનેસ અનુભવાય છે તે બંને વચ્ચેનાં સંવેદનોમાં આવેલ આધુનિક યુગલોના આઘાત-પ્રત્યાઘાતોનું આલેખન. અનામિકાને અકળામણ છે, ઘણી વાર દૂર થઈ જવાના મનસુબા આવે છે પણ એનું પરંપરાગત વિચારતું મન એમ નથી કરવા દેતું. છેવટે અંતર ઊભું કરવાનો નવતર સંજોગ ઊભો થાય ને તે વિદેશમાં અભ્યાસ અર્થે જવાનો પ્લાન વિચારી નાંખે- પણ વચ્ચે આવે નિયતિ. ઘેરો અને આઘાતજનક અંત તમને વાંચવા મજબૂર કરી મૂકે તેવું આલેખન. આ કથાનક નવું નથી, અંત પણ નવો નથી, નવી રીતે થયેલ રજૂઆત મજાની છે.

એ જ રીતે ‘હી ઈઝ બેટર ધેન મી’, ‘આન્ટી રિલેક્સ રહેજો’, ‘કપુરની ગંધ’, ‘કાદંબરી’, ‘પ્રિયંવદા કાલે મળીએ’, ‘લીલા દોરાની બાધા’, ‘સરસવતીની સાડી’, ‘હા, મેં કુલટા’ - જેવી રચનાઓમાં આલેખાયેલ સંવેદનના રંગો બદલાયેલા અનુભવાય છે. આ પ્રકારની વાર્તાઓ વાંચીને અનુભવાય છે કે, આ સદીના બીજા દાયકા પછી ગુજરાતી વાર્તામાં કંઈક નવો બદલાવ આવી રહ્યો છે. હા, હજી પરિમાણોનો અભાવ અને જલદી પૂરું કરવાની તીવ્ર તાલાવેલી વાર્તામાં ઠહેરાવને આવતો રોકે છે, એ જેટલી ઝડપથી ચિત્તને ઝબકારે છે એટલી જ ઝડપથી ઓસરી પણ જાય છે. આ નવતર અનુભવ પણ આ જ સમયની પેદાશ છે...! આ પ્રકારનું મંથન જ કદાચ નવું સરજી આપશે. આવકારું છું આ લેખિકાને....

**ગુમશુદા સરનામું (વાર્તાઓ) રૂબી જાગૃત, પ્ર.આ.2022, પ્રકા. ઝેન ઓપસ, હિંગળાજ માતા કંપાઉંડ, મનમોહન કોમ્પ્લેક્ષની પાછળ,નવરંગપુરા પોલીસ સ્ટેશન લાઈન, નવરંગપુરા, અમદાવાદ-380009, કુલ પૃ. 190, કિં. 300.00 રૂ. કાચું પૂંઠું)**

# જન-માનસનું દર્શન

આ પુસ્તકનું જેમણે સંકલન કર્યું છે એ પ્રો. નીતિન વડગામાના શબ્દોમાં જ આ ગ્રંથપ્રાગટ્ય પાછળની મનસા વ્યક્ત કરતાં લખ્યું છે તે જોઈએ- રામકથાને વિશ્વાસથી વિશ્રામ સુધીની યાત્રા સમજતાં મોરારિબાપુની વ્યાસપીઠ પરથી અધ્યાત્મ-દર્શન તો વ્યક્ત થાય છે જ, સાથોસાથ વ્યક્તિજીવન અને સમાજજીવનને ઉપકારક વિચારો પણ સહજ રીતે જ વ્યક્ત થતા રહે છે. બાપુ રામચરિતમાનસ, વાલ્મીકિ રામાયણ, શ્રીમદ્ ભગવદ્ગીતા, શ્રીમદ્ ભાગવત, વેદ-ઉપનિષદ અને અન્ય શાસ્ત્રગ્રંથોનું રસપાન કરાવે છે, તો સમાંતરે સામાજિક સ્થિતિ-ગતિનું નિરીક્ષણ-પરીક્ષણ પણ કરતા રહે છે અને સમાજની આંતરબાહ્ય રુગ્ણતાનું નિદાન કરીને એનો ઇલાજ પણ સૂચવે છે. મતલબ કે બાપુની વૈચારિક યાત્રાનું ક્ષેત્ર વિશાળ છે. રામકથાનું ગાન કરવા ઉપરાંત બાપુ યથાવકાશ અનેક સાહિત્યિક, સાંગીતિક, સાંસ્કૃતિક અને સેવાકીય ઉપક્રમોમાં ઉપસ્થિત રહીને અવસરોચિત ઉદ્બોધન કરતા રહે છે. એમાંથી પણ વિવિધ વિષયો અંગેના એમના વિચારો સુલભ બને છે. વ્યાસપીઠ અને અન્ય જાહેર મંચ પરથી રજૂ થતા બાપુના સમાજોપકારક વિચારો માનસ-દર્શન કોલમની મર્યાદિત શબ્દસંખ્યામાં પ્રગટ થાય છે. (પૃ.6)




મોરારિબાપુ વિશ્વપ્રસિદ્ધ છે એમની રામકથાઓના કારણે. તેઓ રામચરિત માનસ પર કથા કરવાનો વિશ્વવિક્રમ પણ સરજી રહ્યા છે. સાથોસાથ રામકથા કહેવાની પરંપરાને પણ સીમિત ન રહેવા દેતાં અનેક અર્થોમાં વ્યાસપીઠનો બૃહદ્ વિસ્તાર કરવામાં એમનો જોટો ન જડે. સ્વાભાવિક જ ભારતીય પરંપરાગત દર્શનને તો પોતાની કથામાં વણી જ લે છે, સાથોસાથ લોકવ્યવહારમાંથી જન્મેલાં મૂલ્યો, સત્ય અને સમૃદ્ધ પરંપરાઓને પણ પોતાની વાણીમાં વણી લેવામાં માહીર છે. સાથોસાથ ભારતીય વારસાને, સાંસ્કૃતિક ધરોહરને, કલાજગતને અને સામાજિક તાણાવાણાઓને હકારાત્મક દૃષ્ટિથી અભિવ્યક્ત કરવામાં પણ અગ્રેસર રહ્યા છે. નીતિન વડગામાએ એમનાં પ્રવચનોને સંકલિત કરીને અહીં સમાવ્યાં છે.

એમનાં વ્યાખ્યાનોની રેન્જ ઘણી વ્યાપક છે. મુખ્યત્વે સત્ય, કરુણા, પ્રેમ જેવાં યુનિવર્સલ માનવમૂલ્યો વિશે એમનો મત વ્યાપક અને આવકાર્ય છે. જેમકે, સત્યના એ પાંચ મુખ વિશે વાત કરે છે. સત્યને એ વ્યાપક રૂપમાં સ્વીકારે છે. પ્રેમને એ જીવવાની કલા કહે છે. તો સાધુ અને ગુરુઓ વિશે એમણે બહુ ક્રાંતિકારી વાત કરતાં કહ્યું કે ચારિત્ર્યની શુદ્ધિ એ સાધુની પહેલી ઓળખ છે, સાધુ એના પરિધાનથી નહીં, બંદગી અને સાદગીથી ઓળખાય છે. વસ્ત્ર એ સાધુનું નહીં, પણ વૃત્તિથી સાધુ હોવું જરૂરી છે. સાધના કરવા કોઈ યુનિફોર્મની જરૂર હોતી નથી. તો દેશના ભગવંતો, મહાપુરુષો બાબતે એમણે કરેલાં નિરીક્ષણોમાં એમની પોતાની ચેતનાનો ઝબકાર અનુભવાય છે. ગાંધીજીના વિચાર, ઉચ્ચાર અને આચારનું ત્રિપુંડ કહે છે તો તપનું સાક્ષાત્ રૂપ હોય તો એ છે મહાવીર. ધર્મ ક્યારેય બંધનમાં ન નાંખે, પરમ સ્વાતંત્ર્ય અપાવે તે ધર્મ. આ રીતની એક વાક્યની સટીક વાત મોરારિબાપુની લાક્ષણિકતા બની રહી છે. આ સતત કરેલા તપનું, સતત સેવેલ સરસ્વતીમાનું વરદાન જ ગણાય. જુઓ- જ્યાં આનંદ સાથે શ્રમનું સાયુજ્ય સધાય એનું નામ આશ્રમ. કેટલી સરસ વાત આ વાક્યમાં અભિવ્યક્ત થઈ છે. પિતા-પુત્રીનો સંબંધ, મા-નો મહિમા, ગુરુ-શિષ્યના સંબંધોથી માંડી ગીતાજીના જ્ઞાનનું મહત્ત્વ, કરુણા અને ક્રોધના પરિણામરૂપ સ્વર્ગ અને નર્કનું જોડાણ કરીને સામાન્યજનથી માંડી જ્ઞાની માનવોને સહજ રીતે, માર્મિક રીતે અને સટીક રીતે આપણા ચિત્ત સાથે સન્ધાન સાધી લે છે. આ ગ્રંથસ્થ થવાથી આવનારી પેઢીઓને લિખિત સ્વરૂપે આ ભાથું મળતું રહેવાનું છે એનો આનંદ છે.

આવું સરસ સંકલન કરવા બદલ નીતિન વડગામાને અભિનંદન અને આવકારવા સાથે શુભેચ્છાઓ પાઠવું છું.

**(માનસ-દર્શન (મોરારિબાપુ) સંકલન-નીતિન વડગામા, પ્ર.આ. 2023, પ્રકા. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001, કુલ પૃ.-200, કિં. 270.00 રૂ. કાચું પૂંઠું)**

# ચર્ચાપત્ર

## પ્રજાની લાચારીનો લાભ ઉઠાવતા અસામાજિકો

લોકચાહના મેળવવી હોય તો સ્થાનિક પ્રજાને ખુશ રાખો, ગુંડા તત્ત્વોથી પ્રોટેક્શન આપો. વાર તહેવારે ભેટ સોગાદની લ્હાણી રાખો. પોતાના જન્મ દિને આખા ગામને જમાડો અને લોકરંજક પ્રોગ્રામ ગોઠવો, નર્તકીના નાચ ગાન રાખો, દારૂની છોળ ઉડાવો. ધાક એવી જમાવો કે જેલરો પોલીસ અને નાના રાજકારણી વોટ બેંક માટે આવા માફિયાઓની પગચંપી કરે. જેલમાં મહેલ કરતાં પણ વધુ સગવડ આપો. ચોવીસ કલાક બાંદીની સેવાનું આયોજન કરો. કુદરત કોઈને છોડતી નથી. ઉપરોક્ત અસામાજિકોના અંજામ તમો તાદશ જોઈ શકો છો. વડા પ્રધાન, નાયબ પ્રધાનો તેમજ લોકલ નેતાઓને છૂટે હાથ ચૂંટણી ફંડની લ્હાણી કરાવો. યુપીના યોગી રાજની અડફટે ચઢી ગયેલા મુખત્યાર અન્સારીની લાચારી જુઓ.

**સુરત - અનિલ શાહ**

## આવનારા દાયકામાં ભારતના મહત્ત્વના જિલ્લાઓમાં પાણીની ભયંકર તંગી પડે તેવા સંજોગો સર્જાઈ રહ્યા છે

ભારતની કુલ વસ્તી 140 કરોડ છે, જેની સામે દુનિયાના દેશો કરતાં આપણી પાસે જમીન માત્ર અઢી ટકા જ છે અને દુનિયામાં ટકાવારીના હિસાબે આપણી વસ્તી 17% છે તે ગીચતા જોતાં દુનિયામાં નંબર વન પર છે. ઉનાળો શરૂ થતાં જ આપણે પાણીની તંગીનો સામનો કરવો પડે છે તેવી ગંભીર સ્થિતિ ઊભી થઈ રહી છે. વિશ્લેષકોએ ચેતવણી આપી છે કે આવનારા દાયકામાં ભારતના મહત્ત્વના જિલ્લાઓમાં પાણીની ભયંકર તંગી પડે તેવા સંજોગો સર્જાઈ રહ્યા છે. આપણે ત્યાં જે વરસાદ પડે છે તે પાણીનો પૂરતો સંગ્રહ કરવાની ક્ષમતા ન હોવાથી પૂરની સ્થિતિ ઉત્પન થાય છે અને તેના કારણે (દાખલા તરીકે ઉકાઇ ડેમનું) પાણી સમુદ્રમાં વહી જાય છે. ભારતની ઓછી જગ્યા અને વધતી વસ્તીને હિસાબે ભારતમાં ઠેર ઠેર ડેમ તેમજ ચેક ડેમ બનાવવાની જરૂર છે અને તો જ આવનારાં વર્ષોમાં ભારતીય પ્રજાને પાણી પૂરું પાડી શકાશે નહીં તો પાણી વગર ભયંકર દુકાળનો સામનો કરવો પડે તેવી સ્થિતિ હવે દૂર નથી.

**સુરત - વિજય તુઈવાલા**

## હોળીની ધાણી ખાધી અને ગોધરા બાંધી નાખી

વર્ષો જુની કહેવત આજે પણ સાચી પડે છે. શિયાળામાં ગરમ કપડાનો વપરાશ પછી હોળી આવે છે તે હોળી અને ચૈત્રી મહિનો એટલે ગરમી તાપ અને હવન કરવાનો મહિનો કહેવાય છે. ઘણી ખરી સોસાયટીમાં ચૈત્રી મહિનામાં હવનથી સુખ શાંતિ સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. હવે મૂળ વાત પર આવતો સુરતીઓમાં હોળીમાં ધાણી ખાવાનો રિવાજ છે. કદાચ આખા ભારતમાં ન ખવાય તેવી સુરતી ધાણી કેવી રીતે ખાય છે તે વિશે ચર્ચા કરું. પ્રથમ ધાણી સાદા સફેદ અથવા વઘારેલી બેમાંથી એક હોય છે. તેમાં લસણ કોથમીરવાળા લોઢા બટકા-સેકેલા પાપડ -ચણા-દાણા દાળિયા 2 થી 3 જાતની સેવ તથા ઉપરથી થોડું કાચું તેલ નાખી ચુરો બનાવી મશરી કાઢે છે કારણ કે ખાવામાં તથા પચવામાં સહેલી થાય છે. આયુર્વેદમાં ધાણી ખાવી લાંબે ગાળે શરીરને ફાયદાકારક છે.

**સુરત - મહેશ આઈ. ડોક્ટર**

## સુરત લોકસભા બિનહરીફ

સુરતના ઈતિહાસમાં કદાચ પહેલી વાર લોકસભા બેઠક બિનહરીફ બની હશે.આ ઘટનાને કેવી રીતે લેવી? જેમ તમામ બાબત કે ઘટનાના ફાયદા અને નુકસાન હોય તેમ આમાં પણ હોય જ.ચૂંટણી પ્રજાના ફાયદા માટે હોય છે તો આમાં પ્રજાનો શું ફાયદો? જે અધિકારીઓ કે ચૂંટણી ફરજ એમના માથે આવવાની હતી તે બચી ગયા એમ વિચારતા હોય તો આવનાર સમયમાં સૌથી વધુ કપરો સમય આવા અધિકારી માટે જ આવશે એ નક્કી છે.કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ થયું એમાં કોનો વાંક છે એ જવા દઈએ તો પણ બાકીના તમામ એ તમામ અપક્ષોએ ફોર્મ પાછાં ખેંચી લીધાં એ બાબત પણ ગંભીરતાપૂર્વક વિચાર માંગી લે તેવી છે.સીધો મતલબ થાય છે કોઈને કોઈ જ ફરક પડતો નથી.લોકતંત્ર રહે કે ના રહે, લોકશાહી આવે કે રાજાશાહી કે સરમુખત્યારશાહી, બસ મારું પેટ અને મારું ઘર ભરાવું જોઈએ. જે તાકાતવર છે એને સામે ઝૂકીને જી સાહેબ કે હાજી હાજી કરીને મને પદ,પૈસો મળવો જોઈએ.નૈતિકતા,ઈમાનદારી, ખેલદિલી,બધું જ તેલ લેવા જાય.સુરતનાં લોકોએ પણ આમાં હર્ષ પામવા જેવું કંઈ જ નથી. સામાન્ય પ્રજા મોંઘવારીથી મરશે.સુરત ભાજપના કાર્યકરે તો જરા પણ ખુશ થવા જેવું નથી કેમ કે આમ જ બિનહરીફ બેઠકો આવશે. આવનારા સમયમાં કાર્યકરની જરૂર જ રહેશે નહીં. વધુમાં જે બીજા પક્ષના કે રૂપિયાવાળા છે એ જ પાર્ટી ફંડ આપીને નેતા બની જશે. કાર્યકરનું ન તો એમના નેતા સાંભળશે ન તો અધિકારીઓ. જેટલો ઉત્સવ ઉજવવો હોય ઉજવી લો.આ લોકશાહીના અંતની શરૂઆત છે,જેનું નિમિત્ત સુરત બન્યું છે.

**સુરત - કિશોર પટેલ**

## ગુજરાતની નારી શક્તિ

વર્તમાનપત્રોના સમાચાર પ્રમાણે રાજકોટની ઉમિયા સિદસર સમિતિની બહેનોએ શહેરની ઘણી બધી નારીઓપાસે મંદિરમાં સંકલ્પ કરાવ્યો કે હવેથી ન્યાતનાં વ્યસની યુવક સાથે ન્યાતની કોઈપણ નારીની સગાઈ કરાશે નહીં. રાજકોટ અને રાજકોટની પાટીદાર જ્ઞાતિ ગુજરાત તેમજ ગુજરાત બહાર પ્રખ્યાત છે. ઘણાં બધાં યુવાનો અને યુવતીઓ આ જ્ઞાતિમાંથી વિવિધ કારણોસર વિદેશમાં પણ વ્યવસ્થા છે અને ત્યાં પણ દરેક જગ્યાએ સંગઠન માટે પ્રખ્યાત છે. રાજકોટની પાટીદાર જ્ઞાતિ મોટે ભાગે (પાર્વતી) ઉમિયા માતાની પૂજા કરે છે. અને ઠેરઠેર મંદિરો પણ બનાવ્યા છે. આ જ્ઞાતિમાં રાજકોટની આ ઉમિયા સદસર સમિતિને ધન્યવાદ આપવો જોઈએ. કે જ્ઞાતિની બહેનો પાસે નિર્વ્યસની યુવક માટે સંકલ્પ કરાવ્યો. આ સંમેલનમાં ડોક્ટરોને પણ બધાને સમજાવવા હાજર રાખ્યા છે. વ્યસનથી ઘણા બધા રોગો શરીરમાં ઘૂસે છે તે ડોક્ટરોએ બધાને સમજાવ્યું. થાય છે કે બીજી જ્ઞાતિની બહેનો પણ પોતપોતાના શહેરોમાં આવી સમિતિ બનાવી યુવકોને વ્યસનથી બચવાના સંકલ્પ લેવડાવે.

**સુરત - ડો.કે.સી. સોની**

## ભારતના યુવા ધનની હાલત

આઈપીએલ ક્રિકેટની રમત હવે ખૂબ પ્રચલિત થઈ છે. પાંચ દિવસની ક્રિકેટ અને 50 ઓવરની વન-ડે મેચ હવે લુપ્ત થતી જાય છે. કેમકે વીસ વીસ ઓવરની મેચમાં રનોનો તરખાટ જોવા મળે છે. એમાં ધીરી રમત હોતી જ નથી. પરંતુ એમાં પણ સમય, સંજોગ વિચારીને આયોજન જરૂરી છે. હાલમાં માંડ એસએસસી અને એચએસસી પરીક્ષાઓ ચાલતી હોય, કોલેજની પરીક્ષાઓ ચાલતી હોય, બીજી તરફ લોકસભાની ચૂંટણીનો માહોલ હોય, ઉપરાંત કઠીન પરિસ્થિતિ તો ધોમધખતો તાપ હોય આવા સંજોગોમાં ક્રિકેટના આયોજનને મંજૂરી આપવી શું દેશના હિતમાં છે? એક તરફ અસહ્ય તાપમાં ચૂંટણી સભાઓ, રેલીઓ મેચ જોનારનાં ટોળાં. મેચ બે વાગ્યે શરૂ થતી હોય તો ભર તાપમાં લાઇનમાં ધક્કાધક્કીમાં ટોળામાં સ્ટેડિયમમાં યોગ્ય ચેકીંગ બાદ પ્રવેશવું, તેમાં પણ સપાર્ટ ટીમના ડ્રેસ ભાડે અથવા ખરીદીનો ખર્ચ કરી કેટલાક કાળા બજારની ટીકીટ લઈ પોતાનાં વાહનોને બે થી ત્રણ દૂર પાર્કીંગમાં મૂકી ભયંકર તાપમાં ચાલતા મેદાનમાં પ્રવેશવું અને તેમાં પણ નાની વયનાં બાળકો સાથે? કેવી ગાંડી માનસિકતા? આયોજકો તો આવું વિચારતા જ નથી. દેશના ખેલાડી જ રમતા હોય તો ઠીક છે. આ તો વિદેશથી ખરીદાયેલા ખેલાડી જેની ભારતના પૈસે સરભરા કરવાની અને પોતાના પૈસા ભારતમાંથી લઇ જવાનાં? મિત્રો! આપણે વિચારવાનું છે. આપણું કોઇ નથી. આપણા જીવને જોખમમાં મૂકવા જ ખર્ચ કરવો શું યોગ્ય છે? એટલી જ રકમ પોતાનાં માતા પિતાની યાત્રામાં ખર્ચાય તો તેમના આશિષ મળે તેમને સંતોષ થાય. ઉપરોક્ત ગાંડપણમાં ખરું કાર્ય ગુમાવી રહ્યાં છીએ.

**અમરોલી - બળવંત ટેલર**